**વસતી-ગણતરી રિપોર્ટ અપડેટ કરવાની કામગીરીનો આંગણવાડી કાર્યકરો દ્વારા બહિષ્કાર**

## હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... જલદી શરદી મટાડી દો... ગળતા નાકને કારણે સેલ્ફી નથી લઈ શકતી...!!**

# સે-૭, ૨૧માં સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવાની યોજના

## સે-૭માં વસાહતીઓ સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજુ કરાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત હાઈરાઈઝ બિલ્ડીંગનો પ્રોજેકટ ભારત સરકારને સૂચવવાની તૈયારી કરવામાં આવી છે.

આજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ હાઈરાઈઝ બિલ્ડીંગ માટે સે-૨૧ અને સે-૭ની પસંદગી પાયલોટ પ્રોજેકટ તરીકે કરવામાં આવી છે. આ અંગે આજે સે-૭ના વસાહતીઓ સાથે મનપાના તંત્રએ બેઠક યોજી અને પ્રેઝન્ટેશન બતાવી લોકો પાસેથી સૂચનો મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

ગ્રાઉન્ડ ફ્લોર અને ૮ માળનું બિલ્ડીંગ બનાવવાની સાથે આ નવા હાઈરાઈઝ બિલ્ડીંગમાં પાર્કિંગ તેમજ ગાર્ડનીંગ કરવાની પણ જોગવાઈ રાખવામાં આવી હોવાનું પ્રેઝન્ટેશન દરમિયાન જણાવવામાં આવ્યું હતું.

સે-૭ અને ૨૧માં આવાસો જે તોડી પાડવામાં આવ્યા છે ત્યાં જ આ હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે અગાઉ હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવાનો વિચાર કર્યો હતો પરંતુ પછી આ ફાઈલ અટવાઈ ગઈ હતી. હવે સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત મળનાર ગ્રાન્ટમાંથી આ હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવાની દિશામાં આગળ વધવા સરાકરે પણ મન બનાવી લીધું છે.

હાલ ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓની આવાસ ફાળવણીમાં વેઈટીંગ લીસ્ટ ચાલી રહ્યું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૦ વર્ષ જુના મકાનોના મજબુતીકરણ કરતાં નવા હાઈરાઈઝ બિલ્ડીંગનો વિકલ્પ ગંભીરતાથી વિચારણા આધીન છે. શહેરમાં ૧૨૦૦થી પણ વધુ ખખડી ગયેલા મકાનો તો તંત્રએ ઓળખી કાઢયા છે સે-૭માં આવા મકાનો તોડી પાડવામાં આવ્યા છે અને હવે હાઈરાઈઝ બિલ્ડીંગનો વિચાર સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત હાથ ધરવાના ચક્રો ગતિમાન થયા છે.

આગામી ત્રણ દિવસ દરમિયાન શહેરના વિવિધ સેકટરોમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત હાથ ધરવાના પ્રોજેકટોનું પ્રેઝન્ટેશન મનપા દ્વારા રજુ કરી સૂચનો મેળવવામાં આવશે.

સે-૭માં આજે યોજાયેલ આ કાર્યક્રમમાં કમિશનરશ્રી જી.આર. ચૌધરી, ડે. મ્યુનિ. શ્રી બારૈયા, ડે. મેયરશ્રી કાર્તિક પટેલ, મ્યુનિ. હેલ્થ ઓફિસરશ્રી ડૉ. દિનેશ બારોટ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. લોકોએ સારી એવી સંખ્યામાં સૂચનો રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરમાં આજે સવારે પંચદેવ મંદિર નજીક એક ગમખ્વાર અકસ્માત બે ગાડીઓ વચ્ચે થયો હતો.

● ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર શ્રી જે.બી. બારિઆ અને ચીટનીસ શ્રી ખોખરિયા ચૂંટણી સંપન્ન થઈ જતાં તેમની જગ્યા પર હાજર થઈ ગયા છે.

● ગાંધીનગર શહેરમાં પાણીનો બગાડ થતો અટકાવવા કેવા પગલાં ભરી શકાય તેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરાઈ છે.

● ગાંધીનગર જિલ્લાના તંત્રમાં બદલીનો દોર આગામી દિવસોમાં હાથ ધરાય તેવા સંકેતો મળી રહ્યા છે.

● શિક્ષણ વિભાગ દ્વારા પાંચ સંયુક્ત નિયામકોની પસંદગી બાદ નિમણુંકના હૂકમો જારી કરી દેવાયા છે.

● ગુણોત્સવનો લઈ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ છે.

# સેકટર-૩૦માંથી ૩૭ ઝૂંપડાનું દબાણ દૂર કરતુ તંત્ર

ગાંધીનગર શહેરની સરકારી જમીનો પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશનો આજથી આરંભ થયો છે. સે. ૩૦માં આજે હાથ ધરાયેલ કાર્યવાહીમાં ૩૭ જેટલા ઝુંપડા તોડી પાડી અને જગ્યા ખુલ્લી કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આજે બપોર બાદ પોલીસની સેવાઓ ઉપલબ્ધ બનતાં તંત્રએ તેની કામગીરી મોડી હાથ ધરી હતી. આ ઝુંબેશ દરમ્યાન માર્ગ-મકાન વિભાગે સરકારી જમીન પર થયેલા દબાણો તાત્કાલિક દૂર કરવાનો નિર્ણય કર્યો છે અને તેની કામગીરીનો આજથી આરંભ થયો છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણોને લઈ હવે તંત્રે ગંભીર કાર્યવાહી કરવા માટે મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.



**સુરક્ષાદળોના જવાનોની સમર્પિત ભાવનાનો ઋણ સ્વીકાર કરી મુખ્યમંત્રીએ ફાળો અર્પણ કર્યો**

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિતે સૈનિક કલ્યાણ નિધિમાં આજે પોતાનો વ્યકિતગત ફાળો અર્પણ કરીને સુરક્ષાદળોની રાષ્ટ્રીય સુરક્ષા અને દેશભકિતની સમર્પણ ભાવનાનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય સૈનિક બોર્ડના પદાધિકારીશ્રીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ઠંડીમાં બે ડિગ્રીનો વધારો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં રાત્રીના સમયે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે પુનઃ ઠંડીનો પારો બે ડિગ્રી જેટલો ઘટીને ૧૨.૦ ડિગ્રી નોંધાયો હતો.

ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર રૂપે ગુજરાતમાં નોંધપાત્ર ઠંડી પડી રહી છે. ગાંધીનગરમાં ઠંડીની વિશેષરૂપે અસર જોવા મળી રહી છે. વસાહતીઓ સ્વેટર-શાલમાં ફરતાં જોવા મળી રહ્યા છે. વહેલી સવારે શાળાએ જતા બાળકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢી રહ્યા છે. જો કે દિવસ દરમ્યાન હજુ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીથી વધુ નોંધાતુ હોવાથી પંખા ફુલ સ્પીડમાં ચલાવવા પડે છે. સાંજ પછી વાતાવરણમાં ઠંડકનો અનુભવ થાય છે. વહેલી સવારે ઠંડી એકાએક ખુબ વધી જાય છે. વહેલી સવારે ઠંડા પવનોની અસર પણ વધુ વર્તાય છે.

આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૫૮ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યું હતું.

# વસતી-ગણતરી રિપોર્ટ અપડેટ કરવાની કામગીરીનો આંગણવાડી કાર્યકરો દ્વારા બહિષ્કાર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકામાં વસતી ગણતરીના રજીસ્ટરને અપડેટ કરવા અંગેની કાર્યવાહીનો આંગણવાડી કાર્યકરો દ્વારા બહિષ્કાર કરાતાં તંત્ર માટે હવે આ કામગીરી કેવી રીતે કરવી તેનો પ્રશ્ન ઉભો થયો છે.

૪થી ડિસેમ્બરથી આ કાર્યવાહી શરૂ કરવાની હતી અને આ અંગેના આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા હતા પરંતુ કીટ લેવાનો આંગણવાડી કાર્યકરોએ ઈન્કાર કરી દીધો છે. આ આંગણવાડી કાર્યકરોએ કામગીરીનો વિરોધ કરાતં એક આવેદનપત્ર પણ તંત્રના અધિકારીઓને આપ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આંગણવાડી કાર્યકરોએ તેમના આવેદન પત્રમાં એવી રજુઆત કરી છે કે અમે શૈક્ષણિક લાયકાત પણ આ કામગીરી કરવા માટેની ધરાવતા નથી. આઈ.સી.ડી.એસ. પાસે અત્યારે ખુબજ વ્યાપક પ્રમાણમાં કાર્યબોજ પણ છે.

આવુ કાર્ય કરવા માટેનો કોઈજ અનુભવ ન હોવાનું જણાવતાં કર્મચારીઓએ આવેદન-પત્રમાં એવી પણ રજુઆત કરી છે કે તેમના કાર્યક્ષેત્ર બહારની આ કામગીરી છે એટલુ જ નહિ ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાથી કામગીરીમાં ક્ષતિ રહેવાની સંભાવનાઓ વધુ રહેલી છે. અગાઉ આ કાર્ય શિક્ષણ વિભાગ હસ્તક હતુ.

વસતી ગણતરીના ૨૦૧૧ના તૈયાર કરાયેલ રજીસ્ટરમાં હવે આધારકાર્ડ ધરાવતી વ્યક્તીઓના નંબર નોંધી તેમજ ચૂંટણી કાર્ડના નંબર નોંધી તેને અદ્યતન બનાવવામાં આવે તેવી ભારત સરકારની સૂચના છે. આ અંગે રાજ્યના વસતી ગણતરી કચેરીના અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓ વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ચર્ચાઓ થઈ હતી.

પરંતુ આચારસંહિતાનો અમલ શરૂ થતા આ કામગીરી સ્થગિત કરી અને ચૂંટણી પછી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયા બાદ આ કામગીરી ૪ ડિસેમ્બરથી હાથ ધરવાની હતી.

● અનુસંધાન પાના - ૭ પર

# ઝાડ સાથે કાર ધડાકાભેર ટકરાતા એક યુવાનનું મૃત્યુ

## શાહપુર ચોકડીથી ચ-૦ માર્ગ પર રાત્રે બનેલી ઘટના : પેથાપુરનો મૃતક યુવાન બબલુ ફરસાણના માલિકનો દિકરો હતો

ગાંધીનગર, તા.૭

શાહપુર ચોકડીથી ચ-૦ સર્કલ તરફ ગઈ રાત્રીએ ગાડી લઈને જઈ રહેલા પેથાપુર ના યુવાનની ગાડી રસ્તા પરથી ઉતરીને એક ઝાડ સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ઘટના સ્થળ પર ગાડીના ચાલક પેથાપુરના યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પેથાપુર ખાતે રહેતા ૩૦ વર્ષીય દિવ્યેશ પ્રકાશભાઈ પ્રજાપતિ ગઈ રાત્રે પોતાની જીજે ૧૮ એ ૩૮૮૩ નંબરની ગાડી લઈને શાહપુર ચોકડીથી ચ-૦ સર્કલ તરફ જઈ રહ્યો હતો. ગાડીના સ્ટીયરીંગ પરથી અચાનક તેણે કાબુ ગુમાવી દેતા રાત્રે ગાડી રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી અને ઝાડ સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા દિવ્યેશનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. દિવ્યેશ બબલુ ફરસાણના માલિકનો દિકરો હતો. મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઈન્ફોસીટી પોલીસ મથકનાં મહિલા પીએસઆઈ એમ.આર. પટેલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સેકટર-૨૨ અને ૨૭ની સરકારી શાળાને મર્જ કરવાનો નિર્ણય મોકૂફ

## વાલીમંડળની સંમતિ લીધા બાદ જ શાળાઓને મર્જ કરાશે

ગાંધીનગર, તા. ૭

સે. ૨૨ અને સે. ૨૭ની સરકારી માધ્યમિક શાળાને સે. ૧૬ની શાળામાં મર્જ કરવાના નિર્ણયને હાલ પુરતો પડતો મુકવામાં આવ્યો છે. આગામી સમયમાં વાલીમંડળની સંમતિ લીધા બાદ જ શાળાઓને મર્જ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને ધ્યાને લઈ અગાઉ પણ સરકારી શાળાઓને મર્જ કરવામાં આવી હતી. જ્યારે દિવાળી પૂર્વે પણ શહેરની સે. ૨૨ અને ૨૭ની માધ્યમિક શાળાને સે. ૧૬માં મર્જ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. દિવાળી બાદ બીજા શૈક્ષણિક સત્રથી આ નિર્ણયનો અમલ કરવા માટે પણ સૂચના આપી દેવામાં આવી હતી. પરંતુ આ બન્ને શાળાઓને મર્જ કરી દેવાતા નિર્ણયથી વાલીમંડળમાં ઉગ્ર રોષ પ્રવર્ત્યો હતો. જ્યારે વાલીમંડળ તેમજ નગરની સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ શાળાઓને મર્જ ન કરવા શિક્ષણ વિભાગને રજૂઆત કરી હતી. આ સઘળી સ્થિતિ વચ્ચે શિક્ષણ વિભાગ દ્વારા આ મામલે યથાવત સ્થિતિ જાળવી રાખવા સૂચના આપવામાં આવી છે. અલબત્ત આ બન્ને શાળાઓને મર્જ કરવાનો નિર્ણય હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે.

જ્યારે આગામી સમયમાં વાલીઓની સંમતિ લીધા બાદ જ આ શાળાઓને મર્જ કરવા પણ જિલ્લા શિક્ષણતંત્રને સૂચના આપવામાં આવી છે. એકબાજુ શહેરની કેટલીક સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટના લીધે એક શાળાને બીજી શાળામાં મર્જ કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવે છે. બીજી તરફ વિદ્યાર્થીઓને સુવિધાસભર અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરૂ પાડવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

# ‘મન તંદુરસ્ત-તન તંદુરસ્ત તો સમાજ તંદુરસ્ત’ : આનંદીબહેન પટેલ

## શાળા આરોગ્ય કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ : દોઢ કરોડથી વધુ બાળકોની આરોગ્ય તપાસમાં બે માસ સુધી ૪ લાખ ૩૦ હજાર સેવાકર્મીઓ જોડાશે

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શિક્ષણ જગત તથા સમાજ સમસ્તના સહયોગથી સર્વગ્રાહી આરોગ્ય સુખાકારીનો ‘મન તંદુરસ્ત-તન તંદુરસ્ત તો સમાજ તંદુરસ્ત’ નો ધ્યેય મંત્ર સાકાર કરવાનું પ્રેરક આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આવતીકાલના નાગરિક સમા બાળકોની સઘન આરોગ્ય તપાસણીના શાળા આરોગ્ય કાર્યક્રમમાં શિક્ષકો, આચાર્યો, વાલીગણ અને આરોગ્ય કર્મીઓના સેવાયજ્ઞમાં સમાજના સૌ સહયોગી બને તેવી નેમ રાજ્ય સરકારની છે. મુખ્ય મંત્રીશ્રીએ ગાંધીનગરમાં રાજ્ય વ્યાપી શાળા આરોગ્ય કાર્યક્રમનો આરોગ્ય મંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને રાજ્ય મંત્રીમંડળના અન્ય મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યના અંતરિયાળ-છેવાડાના ગામોમાં આરોગ્ય સેવા માટે નિયુક્ત થયેલા યુવા તબીબોને નિમણૂંકપત્રો પણ એનાયત કર્યા હતા.





આ કાર્યક્રમ તહેત આ વર્ષે આગામી તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી રાજ્યભરના ૧ કરોડ ૫૬ લાખથી અધિક બાળકોના આરોગ્યનું પરીક્ષણ-તપાસણી શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, તબીબો સમેત ૪ લાખ ૩૦ હજાર સેવાકમીઓ શાળાઓમાં જઈને કરવાના છે. શ્રીમતી આનંદીબહેને ગુજરાતમાં પ્રાથમિક શાળા કક્ષાએથી જ બાળ આરોગ્ય સંભાળ અને હેલ્થ ચેકઅપના આ પ્રયોગની સફળતા વર્ણવતાં કહ્યું કે, આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને પગલે બાળકોમાં ગંભીર રોગ જણાય તો તેની સંપૂર્ણ સારવાર પણ રાજ્ય સરકારના ખર્ચે કરાવીએ છીએ.

ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષથી આ આરોગ્યલક્ષી કાર્યક્રમ શરૂ થયો છે અને અત્યાર સુધી કરોડો-કરોડો બાળકોની આરોગ્ય સાર સંભાળ રાજ્ય સરકારે લીધી છે. મુખ્ય મંત્રીશ્રીએ શાળા આરોગ્ય તપાસણીના આ કાર્યક્રમમાં ફાટેલા-તૂટેલા હોઠ-તાળવા, વાંકાચૂંકા હાથ-પગ તેમજ કિડની, હૃદયરોગની સારવાર સંપૂર્ણતઃ રાજ્ય સરકારના ખર્ચે કરાવવાની નવતર પહેલથી અનેક બાળકોને નવજીવન અને પરિવારોને અપાર ખુશી મળી છે તેનો હર્ષ વ્યકત કર્યો હતો.

શ્રીમતી આનંદીબહેને જણાવ્યું કે, શિક્ષકો, તબીબો, સેવા કમીઓ અને સમાજ સહયોગથી બાળકોમાં આરોગ્ય સુખાકારીની સુટેવોના સંસ્કાર સિંચનનું પણ આ નવતર અભિયાન છે.

આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અન્વયે રૂા. ૪૦ કરોડથી વધુ રકમ ખર્ચીને રાજયના ૧.૫૬ કરોડથી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે. શાળા આરોગ્ય કાર્યક્રમમાં ગત વર્ષે ૧.૫૪ લાખ બાળકોની આરોગ્ય તપાસ કરીને ૩૪,૭૬૯ બાળકોને બાળરોગ નિષ્ણાત દ્વારા સારવાર અને ૧.૫૮ લાખથી વધુ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, ૪,૨૪૯ બાળકોને હૃદયરોગની સારવાર, ૧,૧૭૭ બાળકોને કેન્સરની સારવાર આપવામાં આવી હતી તેનો ઉલ્લેખ તેમણે કર્યો હતો.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો દ્વારા રાજયના બાળકો સારા વાતાવરણમાં, સારી તંદુરસ્તી સાથે જ્ઞાન મેળવશે. રાજયની ભાવી પેઢીને તંદુરસ્ત બનાવવાનો તેમજ તેઓમાં આરોગ્યપ્રદ ટેવોનું નિર્માણ કરવાનો આરોગ્ય વિભાગે સરાહનીય પ્રયાસ કર્યો છે.

આરોગ્ય રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આવનારી પેઢી મજબૂત અને તંદુરસ્ત બને તેની વિશેષ ચિંતા કરીને આ શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાન સહિત ડાયાબીટીસ, માનસીક રોગ અને વાઈના નિદાન અને સારવારનો ઉમેરો કરવામાં આવ્યો છે તેમજ અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારના બાળકો અને મહિલાઓને તબીબી સારવાર વિનામૂલ્યે મળી રહે તે માટે રાજય સરકારે વિશેષ મહત્વ આપ્યું છે.